અપીલ અરજી નં.૭૯ તા.૩૦–૬–'૦૮.

***અરજદાર*** :શ્રી જયંતભાઈ ચલીયાવાલા મોદી
***સામાવાળા***:(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી
(૨)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન

## ***હુકમઃ–***

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયંતભાઈ ચલીયાવાલા મોદીની તા.૮–૫–૦૮ ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૧૦ ફા.પ્લોટ નં.૨૦ સબ પ્લોટ નં.૧ થી ૪ મેસર્સ અંબિકા એન્ટર પ્રાઈઝ ભાગીદારી ફર્મની માહિતી ટી.પી. નં.૧૪૧ થી ૧૫૧ ના બાંધકામ બાબતે સબંધિત સર્વે નં.૬૬૦/૧,૨ તથા૬૬૦ પૈકી ૨,૩ અને ૪ અને ૪બી ના વિકાસ સબંધીત માહિતી, મંજુર પ્લાન, મંજુર કરનાર સત્તાધીશની માહિતી વિગેરેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ*** :–અરજદાર મજકુરની તા.૩૦–૬–'૦૮ ની અપીલ અરજી નં.૭૯/–૦૮–૦૯

શ્રી જયંતભાઈ ચલીયાવાલા મોદીની તા.૮–૫–૦૮ ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૧૦ ફા.પ્લોટ નં.૨૦ સબ પ્લોટ નં.૧ થી ૪ મેસર્સ અંબિકા એન્ટર પ્રાઈઝ ભાગીદારી ફર્મની માહિતી તથા ટી.પી. નં.૧૪૧ થી ૧૫૧ ના બાંધકામ બાબતે સબંધિત સર્વે નં.૬૬૦/૧,૨ તથા ૬૬૦ પૈકી ૨,૩ અને ૪ અને ૪બી ના વિકાસ પરવાનગી સબંધી માહિતી, મંજુર પ્લાન, મંજુર કરનાર સત્તાધીશની માહિતી વિગેરેની માહિતી આપવા બાબતે ૩૦ દિવસમાં માહિતી નહી આપવા અને ખોટી માહિતી આપવાના કારણસર એપેલેટ ઓફિસરને તા.૩૦–૬–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો, આપેલ માહિતીમાં ઈન્કાર,વિલંબ/વિસંગતતા બાબતે સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૮૨ તા.૪–૭–૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી અને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડાયરેકટર ઓફ પ્લાનીંગ કક્ષાએથી તેઓના પત્ર નં.ટીડીઓ/૧૩૯૯ તા.૧૧–૭–૦૮ થી મોકલેલ માહિતીમાં તેમના આ અંગેના નોંધ વિભાગ સાથે નં.ટીડીઓ/૮૫૨ તા.૩–૬–૦૮ થી અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલ મોકલવામાં આવેલ. જયારે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી આજ દિન સુધી માહિતી પૂરી પાડવામાં આવેલ નથી કે માહિતીના ઈન્કાર માટે કોઈ અપવાદ જણાવેલ નથી.

અરજદારની મુળ અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અને મુદ્દા નં.૩ અન્વયે અપીલ અરજી કરવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧ બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. જયારે મુદ્દા નં.૩ સંદર્ભે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીએ ધ્વારા કલમ–૬(૩) માં ઠરાવેલ મુદત બહાર તેમના પત્ર નં.ટીડીઓ/૮૧૧ તા.૩૧–૫–૦૮ થી અરજી નાયબ કલેકટર એન.એ. બ્રાન્ચને તબદીલ કરી અરજદારને નકલ પૂરી પાડેલ જણાય છે. તેમજ મ.માહિતી અધિકારી કલેકટર કચેરી સુરતના તા.૨૭–૬–૦૮ ના પત્ર અન્વયે ટીડીઓના પત્ર નં.૧૩૭૧ તા.૯–૭–૦૮ તથા નં.૧૪૩૦ તા.૧૫–૭–૦૮ થી અરજદારને મુદ્દા નં.૨ તથા ૩ અંગે માહિતી પૂરી પાડેલ જણાય છે. જયારે મુદ્દા નં.૪ ,૫,૬ અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તા.૩–૬–૦૮ ના રોજ અરજદારને માહિતી પૂરી પાડયાનું જણાય છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે માંગેલ માહિતી પૈકી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં.૧ સિવાયની માહિતી અરજદારને પૂરી પાડેલ છે. જેથી તે અંગે હવે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

"અરજદારે માંગેલ મુદ્દા નં.૧ ની માહિતી આરટીઆઈ કાયદા અને નિયમોની જોગવાઈ અનુસાર કલમ–૧૧ સહિતની પ્રક્રિયા અનુસરી કલમ–૭ (૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોન..... જાણ તથા અમલમાટે.
(૨)ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી.... જાણ માટે.
(૩)શ્રી જયંતભાઈ ચલીયાવાલા મોદી,